13 દિવસ સુધી શહેરના પશ્ચિમ વિસ્તારના ટ્રાફિકમાં ધરખમ ફેરફાર

કાલથી અકોટા બ્રિજ પર એન્ટ્રી બંધ

બુલેટ ટ્રેનના ગર્ડર લોન્ચિંગ માટે લેવાયો મેગા બ્લોક

જેતલપુર અંડરપાસ અને ફ્લાયઓવર પર વાહનોનો જમાવડો થઈ શકે છે

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા શહેરમાં નેશનલ હાઈ સ્પીડ રેલ કોર્પોરેશન લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવેલા બુલેટ ટ્રેન પ્રોજેક્ટની કામગીરી હવે નિર્ણાયક તબક્કામાં પહોંચી છે. આ પ્રોજેક્ટના ભાગરૂપે વડોદરાના વ્યસ્ત ગણાતા અકોટ બ્રિજ પર ગર્ડર લોન્ચિંગ સહિતની ભારે ટેકનિકલ કામગીરી કરવાની હોવાથી, આગામી 27 માર્ચ 2026 થી 8 એપ્રિલ 2026 સુધી આ બ્રિજ વાહનવ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ રાખવાનો સત્તાવાર નિર્ણય લેવામાં આવ્યો છે.

NHSRCL દ્વારા જારી કરવામાં આવેલી જાહેર સૂચના મુજબ, બુલેટ ટ્રેનનો રૂટ આ બ્રિજ પરથી પસાર થતો હોવાથી ત્યાં ભારે મશીનરી અને ગર્ડર ગોઠવવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવશે. સુરક્ષાના કારણોસર અને કામગીરીમાં કોઈ અવરોધ ન આવે તે હેતુથી વહીવટી તંત્ર દ્વારા આશરે 13 દિવસ સુધી બ્રિજ પરનો ટ્રાફિક ડાયવર્ટ કરવામાં આવ્યો છે. અકોટ બ્રિજ શહેરના પશ્ચિમ વિસ્તારને રેલ્વે સ્ટેશન અને મધ્ય શહેર સાથે જોડતી મુખ્ય કડી હોવાથી, આ સમયગાળા દરમિયાન હજારો વાહનચાલકોને અસર થવાની શક્યતા છે.

ટ્રાફિકની સમસ્યાને નિવારવા માટે તંત્ર દ્વારા અગાઉથી જ વૈકલ્પિક માર્ગોની યાદી જાહેર કરવામાં આવી છે. જે વાહનચાલકો નિયમિતપણે અકોટ બ્રિજનો ઉપયોગ કરે છે, તેઓ હવે જેતલપુર ફ્લાયઓવર બ્રિજ, જેતલપુર અંડરપાસ અથવા વિશ્વામિત્રી ફ્લાયઓવર બ્રિજનો ઉપયોગ કરી શકશે. જોકે, મુખ્ય બ્રિજ બંધ થવાને કારણે આ આસપાસના રસ્તાઓ પર ટ્રાફિકનું ભારણ નોંધપાત્ર રીતે વધવાની સંભાવના છે.

NHSRCL અને સ્થાનિક વહીવટી તંત્રએ શહેરીજનોને પડનારી અસુવિધા બદલ ખેદ વ્યક્ત કર્યો છે. પોલીસ વિભાગ દ્વારા પણ ટ્રાફિક વ્યવસ્થા જાળવવા માટે વધારાના જવાનો તૈનાત કરવામાં આવશે. વાહનચાલકોને અપીલ કરવામાં આવી છે કે તેઓ મુસાફરીનો સમય નિર્ધારિત કરતાં વહેલા નીકળે અને ટ્રાફિકના નિયમોનું ચુસ્તપણે પાલન કરી તંત્રને સહકાર આપે. 8 એપ્રિલ પછી કામગીરી પૂર્ણ થતા બ્રિજને પુનઃ કાર્યરત કરવામાં આવશે.

દિવાળીપુરા કોર્ટમાં આરોપીને હીટ સ્ટ્રોક આવતા સારવાર હેઠળ

(પ્રતિનિધિ) વડોદરા તા. 25

વડોદરા શહેરના દિવાળીપુરા વિસ્તારમાં આવેલી કોર્ટમાં એક આરોપીને પોલીસ દ્વારા રજૂ કરવામાં આવ્યો હતો, ત્યારે અચાનક તેની તબિયત બગડી ગઈ હતી. પ્રાથમિક માહિતી મુજબ આરોપીને હીટ સ્ટ્રોક આવતાં તે બેભાન જેવી સ્થિતિમાં આવી ગયો હતો. ઘટનાની જાણ થતાં જ પોલીસ જવાનોએ તાત્કાલિક કાર્યવાહી કરી 108 એમ્બ્યુલન્સને બોલાવી હતી. થોડા જ સમયમાં એમ્બ્યુલન્સ પહોંચી જતાં આરોપીને પ્રાથમિક સારવાર આપીને નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા કેટલાક દિવસોથી વધતી ગરમીને કારણે લોકો પર અસર પડી રહી છે. આ ઘટનામાં પણ ભારે ગરમીના કારણે આરોપીને હીટ સ્ટ્રોક આવ્યો હોવાનું સામે આવી રહ્યું છે. હાલ આરોપીની સારવાર ચાલી રહી છે અને તેની સ્થિતિ સ્થિર હોવાનું જાણવા મળી રહ્યું છે.

મરાઠી વાંગ્મય પરિષદ વડોદરા દ્વારા સાહિત્યિક સ્પર્ધાઓના વિજેતાઓનું સન્માન

"અભિરુચિ ગૌરવ" પુરસ્કાર વિતરણ સાથે સ્વ. શાંતારામ સબનીસ સ્મૃતિ અમૃત મહોત્સવી વ્યાખ્યાનમાળાનું આયોજન

(પ્રતિનિધિ) વડોદરા તા.25

છેલ્લા ૯૫ વર્ષથી મહારાષ્ટ્રની બહાર મરાઠી ભાષાનું જતન અને સંવર્ધન કરતી મરાઠી વાંગ્મય પરિષદ વડોદરા દ્વારા સ્થાનિક તેમજ અખિલ ભારતીય સ્તરે આયોજિત મરાઠી ભાષાની સાહિત્યિક સ્પર્ધાઓના વિજેતાઓને સન્માનિત કરવા માટે ભવ્ય પુરસ્કાર વિતરણ સમારોહ તાજેતરમાં યોજાયો હતો. કાર્યક્રમમાં એબીપી માઝા સમાચાર ચેનલની આયોજન વિભાગની સંપાદિકા ભારતી સહસ્ત્રબુદ્ધે મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે મરાઠી અકાદમીના સહયોગથી સ્વ. શાંતારામ સબનીસ સ્મૃતિ અમૃત મહોત્સવી વ્યાખ્યાનમાળાનું

આયોજન કરવામાં આવ્યું હતું. "આનંદાચે પાન" વિષય પર ભારતી સહસ્ત્રબુદ્ધેનું વ્યાખ્યાન અભ્યાસપૂર્ણ રહ્યું હતું. કાર્યક્રમની શરૂઆત તેમના હસ્તે દીપપ્રજ્વલનથી કરવામાં આવી હતી. પરિષદના અધ્યક્ષ મિલિંદ બોડસ, સંજય બચ્છાવ અને કોષાધ્યક્ષ સુજીત પ્રધાન ઉપસ્થિત રહ્યા હતા.

કાવ્યલેખન, વાર્તાલેખન, લલિત લેખન, નવલકથા, નાટક, કવિતાસંગ્રહ, બાળસાહિત્ય તથા અનુવાદિત સાહિત્ય સહિત વિવિધ ક્ષેત્રોમાં વિજેતાઓને સ્મૃતિચિહ્ન અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યા. મુંબઈ, ઠાણે, રત્નાગીરી, પુણે, લાતૂર, નાશિક, નાગપુર, ગોવા અને જામનગર સહિતના શહેરોમાંથી વિજેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

દાંડીયા બજાર સ્થિત શ્રી નારાયણ ગુરુ તાલીમ ખાતે યોજાયેલા કાર્યક્રમને વડોદરાવાસીઓનો ઉષ્માભર્યો પ્રતિસાદ મળ્યો હતો. કાર્યક્રમનું સંચાલન સુજાતા કોર્ડેએ કર્યું હતું, જ્યારે આભાર વિધિ સુજીત પ્રધાને વ્યક્ત કરી હતી. અંતે મીનાક્ષી દાતેએ "પાસાયદાન" રજૂ કરીને કાર્યક્રમનું સમાપન કરવામાં આવ્યું હતું.

યુદ્ધના પગલે એક લાખ કામદારોની રોજગારી જોખમમાં

અંકલેશ્વર GIDCમાં 50% ગેસ કાપ 1200 ઉદ્યોગો બંધ થવાની કગાર પર

(પ્રતિનિધિ) અંકલેશ્વર,ભરૂચ, તા. 25

ખાડી દેશોમાં યુદ્ધ જેવી સ્થિતિના કારણે સર્જાયેલા ગેસ સંકટની સીધી અસર હવે અંકલેશ્વરની ઔદ્યોગિક વસાહત પર જોવા મળી રહી છે. અંકલેશ્વર GIDCમાં ગેસ સપ્લાયમાં 50 ટકા સુધીનો કાપ મુકાતા ઉદ્યોગો ગંભીર કટોકટીનો સામનો કરી રહ્યા છે.

બોઇલર આધારિત ઉત્પાદન પ્રક્રિયા માટે ગેસ અનિવાર્ય હોવાથી અનેક એકમોનું ઉત્પાદન ખોરવાઈ ગયું છે, જ્યારે કેટલાક ઉદ્યોગોએ અંશતઃ બંધ કરવાની ફરજ પડી છે. વિશ્લેષકોના મતે આ સ્થિતિ લાંબી ચાલે તો આશરે 1200થી વધુ નાના અને મધ્યમ ઉદ્યોગો બંધ થવાની કગાર પર આવી શકે છે. તેની સીધી અસર એક લાખથી વધુ કામદારોની રોજગારી પર પડશે, જે સામાજિક અને આર્થિક દૃષ્ટિએ ગંભીર ચિંતાનો વિષય છે.

ગેસની અછતને પહોંચી વળવા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) એ પ્રવાહી ઈંધણના ઉપયોગ માટે છૂટ આપી છે, પરંતુ તેનો ખર્ચ વધુ હોવાથી અને પર્યાવરણીય નિયમો કડક હોવાથી આ વિકલ્પ દરેક ઉદ્યોગ માટે વ્યવહારુ સાબિત થતો નથી. ઉદ્યોગ સંગઠનોએ બાયો કોલ અને બગાસ જેવા પર્યાવરણમૈત્રી વિકલ્પો પર ભાર મૂક્યો છે, જે કૃષિ કચરામાંથી તૈયાર થતા હોવાથી ખેડૂતોને વધારાની આવક પૂરી પાડે છે. જો કે, GPCB પાસેથી મંજૂરી મેળવવામાં છ મહિનાથી વધુ સમય લાગતો હોવાથી આ વિકલ્પો તાત્કાલિક ઉપયોગ માટે શક્ય બની શકતા નથી.

ઉત્પાદન ખર્ચમાં વધારો, ઓર્ડર પૂર્ણ કરવામાં વિલંબ અને આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ઘટાડો જેવા ત્રણ મુખ્ય પડકારો હાલમાં ઉદ્યોગોને ઘેરી રહ્યા છે. ઉદ્યોગકારોએ ગેસ સપ્લાય પુનઃસંતુલિત કરવા, વિકલ્પ ઈંધણ માટે સરળ અને તાત્કાલિક મંજૂરી આપવા, તેમજ પર્યાવરણ નિયમોમાં સમયબદ્ધ રાહત આપવાની માંગણી કરી છે. સાથે જ, 'વેસ્ટ ટુ એનર્જી' મોડલ હેઠળ બાયો કોલ જેવા વિકલ્પોને પ્રોત્સાહન આપવાની પણ જરૂરિયાત વ્યક્ત કરવામાં આવી છે.

આ કટોકટી માત્ર ઉદ્યોગો સુધી મર્યાદિત નથી, પરંતુ સમગ્ર પ્રાદેશિક અર્થતંત્ર માટે મોટો ખતરો બની ગઈ છે. સમયસર નિર્ણય ન લેવાય તો ઉત્પાદન ઘટવાથી નિકાસને અસર પહોંચશે અને બેરોજગારીનો ભય વધી જશે. ઉદ્યોગ જગત હાલ સરકાર અને સંબંધિત તંત્ર તરફ આશાભરી નજરે જોઈ રહ્યું છે, અને ત્વરિત નિર્ણય લેવાશે તો જ ઉદ્યોગો ફરી ગતિ પકડી શકશે અને રોજગારીનું સંરક્ષણ શક્ય બનશે.

સીજીસીટીસી નેતૃત્વ અને અસરકારક સંચાર કૌશલ્ય વિકાસ પર માર્ગદર્શક સત્ર યોજાયું

(પ્રતિનિધિ) વડોદરા તા.25

CGCTC દ્વારા યુવાનોમાં નેતૃત્વ ક્ષમતા વિકસે અને અસરકારક સંચાર કૌશલ્ય મજબૂત બને તે હેતુથી "યુવા સશક્તિકરણ સેમિનાર - નેતૃત્વ અને સંચાર કૌશલ્ય વિકાસ" વિષય પર માર્ગદર્શક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સેમિનારના મુખ્ય વક્તા તરીકે સિનિયર ટેક્સ કન્સલ્ટન્ટ અને એડવોકેટ દીપકભાઈ અમીન દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું.

સત્ર દરમિયાન સંચારના વિવિધ પ્રકારો, અસરકારક સંચારની પદ્ધતિઓ તેમજ સારા નેતૃત્વના ગુણો અંગે વિગતવાર સમજ આપવામાં આવી. "Leadership" શબ્દના વિવિધ પાસાંનું વિશ્લેષણ કરીને સારા નેતા કેવી રીતે બનવું તે અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું. ભાગ લેનારાઓએ પોતાના શક્તિબિંદુઓ, દુર્બળતાઓ, તકો અને પડકારો અંગે SWOT વિશ્લેષણ દ્વારા વિચારવિમર્શ કર્યો.

સેમિનારમાં પડકારજનક પરિસ્થિતિઓમાં સકારાત્મક માનસિકતા, સતત શીખવાની વૃત્તિ અને સાંભળવાની કળા નેતૃત્વની મુખ્ય ચાવી હોવાનું જણાવાયું. ઈન્ટરએક્ટિવ પ્રવૃત્તિઓ દ્વારા ભાગ લેનારાઓને પ્રાયોગિક અનુભવ પણ મળ્યો. કાર્યક્રમનું સંચાલન પ્રગ્નેશભાઈ ભગત, જૈનેન્દ્રભાઈ રાણા, કલ્પેશભાઈ પટેલ અને અમરીશભાઈ શાહ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જગેશભાઈ શાહ, કૌશિકભાઈ વૈદ્ય, ધર્મેશભાઈ ગાંધી, મનીષભાઈ શાહ સહિત સભ્યો અને સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

વંધ્યત્વથી પીડિત દંપતિઓ માટે આશીર્વાદરૂપ નવી સુવિધાનો પ્રારંભ

BAPS શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલમાં આઈ.વી.એફ. કેન્દ્રનું ઉદ્ઘાટન કરાયું

પૂજ્ય ડોક્ટર સ્વામીના હસ્તે ઉદ્ઘાટન, "સંસ્કારી સંતાનની પ્રાપ્તિ થાય" તેવી શુભેચ્છા વ્યક્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.25

વડોદરા ખાતે આવેલી BAPS સ્વામી નારાયણ સંસ્થા સંચાલિત બી.એ.પી. એસ. શાસ્ત્રીજી મહારાજ હોસ્પિટલ દ્વારા છેલ્લા પચીસ વર્ષથી આરોગ્યક્ષેત્રે સેવા આપતી પરંપરાને આગળ વધારતા એક વધુ મહત્વપૂર્ણ પગલું રૂપે આધુનિક આઈ.વી.એફ. (IVF) કેન્દ્રનું ભવ્ય ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

આ કેન્દ્રનું ઉદ્ઘાટન સંસ્થાના પૂજ્ય સદગુરુ સંત પૂજ્ય ડોક્ટર સ્વામીના પાવન હસ્તે કરવામાં આવ્યું. તેમણે આજથી લગભગ ૭૦ વર્ષ અગાઉ તત્કાલીન બૉમ્બે યુનિવર્સિટીમાંથી એમ.બી.બી.એસ.ની ઉચ્ચ પદવી પ્રાપ્ત

કર્યા બાદ ત્યાગમાર્ગ સ્વીકાર્યો હતો અને જીવનભર સેવા તથા આધ્યાત્મિક માર્ગદર્શન આપ્યું છે.

નવેસરથી શરૂ થયેલું આ આઈ.વી. એફ. કેન્દ્ર વંધ્યત્વના અભિશાપથી પીડિત દંપતિઓ માટે આશીર્વાદરૂપ બની રહેશે. અહીં આધુનિક તબીબી તકનીક સાથે આધ્યાત્મિક મૂલ્યોના સમન્વય દ્વારા સારવારની વિશેષ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવશે.

ઉદ્ઘાટન પ્રસંગે પૂજ્ય ડોક્ટર સ્વામીએ શુભેચ્છા વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, અહીં સારવાર લેનાર દરેક દંપતિને સંસ્કારી અને સુખી સંતાનની પ્રાપ્તિ થાય તેવી પ્રાર્થના છે. તેમણે આરોગ્યસેવામાં આધ્યાત્મિકતા જોડાય ત્યારે સારવાર વધુ અર્થપૂર્ણ બને છે તેવો સંદેશ પણ આપ્યો.

છોટાઉદેપુર જિલ્લામાં એપ્રિલથી વસ્તી ગણતરીનો પ્રારંભ થશે

(પ્રતિનિધિ) છોટાઉદેપુર તા.25

છોટાઉદેપુર જિલ્લામાં આગામી એપ્રિલ-મે માસ દરમિયાન દસ વાર્ષિક વસ્તી ગણતરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે. આ વખતની વસ્તી ગણતરીની વિશેષતા એ છે કે ડિજિટલ અભિગમ એટલે ત પેન-પેપરનો ઉપયોગ કરવાને બદલે કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરાયેલ CMMS (સેન્સસ મેનેજમેન્ટ એન્ડ મોનિટરિંગ સિસ્ટમ) પોર્ટલ અને HLO (હાઉસ લિસ્ટીંગ ઓપરેશન) એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવશે. જે રીતે ચૂંટણીલક્ષી કામગીરીમાં BLO દ્વારા એપ્લિકેશનનો ઉપયોગ કરવામાં આવે છે, તે જ રીતે ૧૯૦૦થી વધુ ગણતરીદારો (Enumerators) પોતાના મોબાઈલમાં એપ્લિકેશન ઈન્સ્ટોલ કરી સ્થળ પર જ વિગતો નોંધશે.વસ્તી ગણતરીની પ્રક્રિયા મુખ્યત્વે બે તબક્કામાં કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં તા.૨૦ એપ્રિલ થી ૧૯ મે, ૨૦૨૬ દરમિયાન જિલ્લાના ૭ તાલુકાઓમાં ઘરોનું લિસ્ટિંગ (House Listing) કરવામાં આવશે.

BAPSના યુવા-યુવતીઓની નીકળી ભવ્ય બાઈક યાત્રા

શહેરના રાજમાર્ગો પર આધ્યાત્મિક ઉત્સાહનું અનોખું દૃશ્ય

(પ્રતિનિધિ) વડોદરા તા.25

ભગવાન સ્વામિનારાયણના ૨૪૫મા પ્રાગટ્ય દિનની પૂર્વ સંધ્યા નિમિત્તે BAPS Swaminarayan Sanstha દ્વારા દર વર્ષની પરંપરા મુજબ આજે શહેરના રાજમાર્ગો પર યુવા-યુવતીઓની ભવ્ય બાઈક યાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું.

છાણી ગામથી આરંભાયેલી આ યાત્રાએ અંદાજે ૧૫ કિલોમીટરનું અંતર કાપીને સાંજે અટલાદરા સ્થિત BAPS Swaminarayan Mandir Atladra ખાતે પહોંચીને વિરામ લીધો હતો. યાત્રામાં બે સુશોભિત કલાત્મક રથોમાં ભગવાન સ્વામિનારાયણ તથા અક્ષરપુરુષોત્તમ મહારાજની પ્રતિમાઓ વિરાજમાન રાખવામાં આવી હતી, જ્યારે એક રથમાં ૨૦થી વધુ સંતો ઉપસ્થિત રહ્યા હતા.

આ ઉપરાંત આશરે ૧૨૦ દ્વિચક્રી વાહનો પર સફાધારી યુવકો અને ૧૨૦ જેટલા વાહનો પર યુવતીઓએ ભગવાન સ્વામિનારાયણના જયઘોષ સાથે શહેરમાં ભક્તિમય વાતાવરણ સર્જ્યું હતું. યાત્રા દરમિયાન નગરજનોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો અને માર્ગભરમાં શ્રદ્ધાળુઓએ યાત્રાનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું.

લીમખેડા ખાતે ભાજપ જિલ્લા પ્રભારી પરીચય બેઠક યોજાઈ

(પ્રતિનિધિ) લીમખેડા તા.25

લીમખેડા સમાજવાડી માં લીમખેડા મંડળ ની જિલ્લા પ્રભારી રાજેન્દ્રભાઈ પટેલ ના અધ્યક્ષ સ્થાને પરીચય બેઠક યોજાઈ હતી તેમજ આવનારી જીલ્લા તાલુકા પંચાયત ની ચુંટણી ની તૈયારી કરવા તથા સંગઠન મજબૂત બનાવવા ની ચર્ચા કરવામાં આવી હતી. જેમા જિલ્લા પ્રમુખ સ્નેહલ ધરીયા, પ્રદેશના મંત્રી શંકરભાઈ અમલયાર, જિલ્લા મહામંત્રી બાબુતભાઈ, પૂર્વ જિલ્લા પ્રમુખ સુધીરભાઈ, મંડળ પ્રભારી, સહ પ્રભારી, હાજર રહ્યા અને જરૂરી માર્ગદર્શન આપ્યુ આ બેઠક મા જિલ્લા અને તાલુકા ના મંડળ ના હોદ્દેદારો, જિલ્લા અને તાલુકા પંચાયત ના સભ્યો, શક્તિ કેન્દ્ર ના સંયોજક અને પ્રભારીઓ તથા મોટી સંખ્યામાં કાર્યકર્તા હાજર રહ્યા હતાં.

કાલોલ નગરમાં RSS દ્વારા વર્ષપ્રતિપદાની ઉજવણી : શિસ્તબદ્ધ પથ સંચલન યોજાયું

(પ્રતિનિધિ) કાલોલ, તા.25

તાજેતરમાં મંગળવારના રોજ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ (RSS) કાલોલ નગર દ્વારા હિન્દુ નૂતન વર્ષના પ્રથમ ઉત્સવ એવા 'વર્ષપ્રતિપદા ઉત્સવ' ની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે સ્વયંસેવકો દ્વારા શિસ્તબદ્ધ રીતે પથ સંચલનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.મુખ્ય વક્તાઃ આ કાર્યક્રમમાં જિલ્લા શારીરિક પ્રમુખ જયભાઈ ભટ્ટ મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. પથ સંચલનઃ શહેરના સુવર્ણ હોલ ના પટાંગણમાંથી પથ સંચલનનો પ્રારંભ થયો હતો, જે નગરના વિવિધ માર્ગો પર ફર્યું હતું.ઘોષ વાદકોના સુરેલા નાદ સાથે શ્વેત વસ્ત્રો અને પૂર્ણ ગણવેશમાં સજ્જ સ્વયંસેવકોના શિસ્તબદ્ધ સંચલને આકર્ષણ જમાવ્યું હતું.આ કાર્યક્રમને નિહાળવા માટે નગરની બહેનો અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.વર્ષપ્રતિપદા એટલે કે ચૈત્ર સુદ એકમના દિવસે સંઘ દ્વારા આદ્ય સરસંઘચાલક ડૉ. હેડગેવારજીના

જન્મજયંતી નિમિત્તે આ ઉત્સવ ઉજવવામાં આવે છે. કાલોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં જયભાઈ ભટ્ટે રાષ્ટ્રવાદ અને સંગઠન શક્તિ પર ભાર મૂક્યો હતો. પથ સંચલન દરમિયાન નગરજનોએ ઠેર-ઠેર સ્વયંસેવકોનું અભિવાદન કર્યું હતું. કાર્યક્રમના અંતે શિસ્ત અને સંસ્કારના દર્શન સાથે ઉત્સવની પૂર્ણાહુતિ થઈ હતી.

ભરૂચના શોપિંગ સેન્ટરમાં આગ, મોટી દુર્ઘટના ટળી

શોર્ટ સર્કિટથી લાગેલી આગ પર ફાયર સેફ્ટીથી કાબુ મેળવાયો

(પ્રતિનિધિ) ભરૂચ તા.25

ભરૂચના ઝાડેશ્વર ચોકડી સ્થિત આર.કે.એલીનોરા શોપિંગ સેન્ટરમાં આજે વહેલી સવારે શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હતી. આ આગ સાઈ અગરબત્તીની દુકાનમાં ભભૂકી ઉઠી હતી, જેના પગલે શોપિંગ સેન્ટરમાં થોડા સમય માટે દોડધામ મચી ગઈ હતી.

શોપિંગ સેન્ટરમાં ઉપલબ્ધ ફાયર સેફ્ટી સાધનોનો ઉપયોગ કરીને સ્થાનિક લોકોએ ગણતરીની મિનિટોમાં આગ પર કાબુ મેળવી લીધો હતો. આ ઘટનાની જાણ ભરૂચ નગરપાલિકા અને જી.એન. એફ.સી.ના ફાયર બ્રિગેડને પણ



કરવામાં આવી હતી.

સદભાગ્યે, સમયસર આગ પર કાબુ મેળવી લેવાતા કોઈ જાનહાનિ નોંધાઈ નથી. જો ફાયર સેફ્ટીના સાધનો ઉપલબ્ધ ન હોત, તો આગ વધુ વિકરાળ સ્વરૂપ ધારણ કરી મોટી દુર્ઘટના સર્જી શકી હોત.આ ઘટનાએ ફાયર સેફ્ટી વ્યવસ્થાના મહત્વ અને તાત્કાલિક પ્રતિસાદની જરૂરિયાતને ફરી એકવાર ઉજાગર કરી છે.

Repco Home Finance

રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ

વડોદરા શાખા : ૨૦૬, પહેલો માળ, અર્થ કોમ્પલેક્ષ, મલ્હાર પોઈન્ટની પાસે, જૂનો પાદરા રોડ, વડોદરા - ૩૯૦૦૨૦.

ઈ-હરાજી વેચાણ નોટીસ

સિકયોરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્શિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયોરીટી ઈન્ટરેસ્ટ એકટ-૨૦૦૨ હેઠળ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડને ગિરવે મુકેલ સ્થાવર મિલકતોનું વેચાણ.

જ્યારે **ઉધારકર્તા અને સહ ઉધારકર્તા એ રેપ્કો હોમ ફાઈનાન્સ લિમીટેડ, વડોદરા શાખા** પાસેથી લોન લીધેલ છે જેની સામે સ્થાવર મિલકતનું ગિરવે મુકેલ અહીં નીચે આપેલા શિડયુલમાં વધુમાં સંપૂર્ણ વર્ણવેલ છે. ઉધારકર્તાઓ લોનની રકમ ચુકવવામાં નિષ્ફળ ગયા હોવાથી, કંપનીએ સરફેસી એકટ - ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ ડીમાન્ડ નોટીસ જારી કરી છે જેમા કાયદાની કલમ ૧૩(૪) અને નિયમો ૮ અને ૯ સાથે વંચાણે કાયદા હેઠળ **"જેમ છે ત્યાં છે" અને "જેમ છે જે છે તે મુજબ"** માં નીચે દર્શાવેલ મુકરર મિલકત વેચવાનો નિર્ણય લીધો છે.

ઈ-હરાજીની તારીખ/સમય : ૧૦.૦૪.૨૦૨૬ ના રોજ સવારે ૧૧.૦૦ વાગ્યા થી બપોરે ૧૨.૦૦ વાગ્યા સુધી (૫ મિનિટના અમર્યાદિત ઓટો એકસટેન્શન સાથે)

ઈ-ટેન્ડર સબમિટ કરવાની છેલ્લી તારીખ અને સમય : ૦૬.૦૪.૨૦૨૬ ના સાંજે ૪.૦૦ વાગ્યા સુધી

કમ નં. ૧ :- ઉધારકર્તા : શ્રી કમલેશ રત્નચંદ રોચલાણી S/O રત્નચંદ રામચંદ્ર રોચલાણી, સહ-ઉધારકર્તા : (૧). શ્રી રત્નચંદ રામચંદ ચોરલાણી S/O રામચંદ બાબુજીરાય રોચલાણી, (૨). શ્રીમતી સીમાબેન રત્નચંદ રોચલાણી W/O રત્નચંદ રામચંદ રોચલાણી, ડીમાન્ડ નોટીસ : ૧૪.૦૩.૨૦૨૨, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૦૦૦૦૦૬૦૬), રૂા. ૨૧,૩૦,૦૪૪/- અનુક્રમે તા. ૧૨.૦૩.૨૦૨૨ ના રોજ થી થતત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખઃ ૧૨.૦૬.૨૦૨૪, હાલની બાકી રકમ રૂા. ૩૪,૮૩,૪૩૫/-, તા. ૧૧.૦૩.૨૦૨૬ સુધીના.

મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની મિલકતનો ફલેટ નં. સી-૪૦૩, ટાવર - સી, ચોથો માળ, સુપર બિલ્ટ અપ એરીયાનું ક્ષેત્રફળ ૭૪.૩૨ સ્કે.મી., અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૧૪.૯૭ સ્કે.મી., કોમન પ્લોટ ના અવિભાજીત હકક સાથેની જમીનનું ક્ષેત્રફળ ૨૦.૦૨ સ્કે.મી., વેદ રેસીડેન્સી - ૨, જે સ્થિત બીન ખેતીલાયક જમીનનો આર.એસ. નં. ૧૦૧૦/૨, હિસ્સા નં. ૨, ક્ષેત્રફળ ૮૦૯૪ સ્કે.મી., ટી પી સ્કીમ નં. ૪૪ (બાપોદ), એફપી નં. ૧૬૩, ક્ષેત્રફળ ૮૦૩૦, ગામ - બાપોદ, વડોદરા, તાલુકો અને જીલ્લો - વડોદરા. **ચતુઃસીમા : પૂર્વે :** કોમન જગ્યા અને સીડી, **પશ્ચિમે :** આર.એસ. નં. ૧૦૦૯, **ઉત્તરે :** ઓટીએસ અને ફલેટ નં. સી/૪૦૪, **દક્ષિણે :** ખુલ્લી જમીન અને ટાવર - બી.

અનામત કિંમત	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	ન્યૂનતમ બીડ વધારવાની રકમ
₹ 20,16,000/-	₹ 2,01,600/-	₹ 25,000/-

કમ નં. ૨ :- ઉધારકર્તા : શ્રી શંકરદાસ માધાવન નાયર S/O શ્રી માધાવન નાયર, સહ-ઉધારકર્તા : શ્રીમતી સુનિતા શંકરદાસ નાયર W/O શ્રી શંકરદાસ માધાવન નાયર,

ડીમાન્ડ નોટીસ : ૩૦.૦૬.૨૦૨૧, ડીમાન્ડ નોટીસ મુજબ રકમ (એકાઉન્ટ નં. ૧૮૨૧૮૦૦૦૦૦૮૮૩), રૂા. ૨૭,૦૧,૬૦૮/- અનુક્રમે તા. ૨૮.૦૬.૨૦૨૧ ના રોજ થી થતત વ્યાજ, કોસ્ટ અને ખર્ચાઓ સાથે, પઝેશનની તારીખઃ ૦૭.૧૨.૨૦૨૧, હાલની બાકી રકમ રૂા. ૪૮,૦૧,૨૫૫/-, તા. ૧૧.૦૩.૨૦૨૬ સુધીના.

મિલકતનું વર્ણન : તમામ ભાગ અને હિસ્સા સાથેની બીન ખેતીલાયક જમીન મોજે - સૈયદ - વાસણા, વડોદરા, જમીનનો આર.એસ. નં. ૧૯૪, મહેશ્વરી કો. ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લિમીટેડ થી જાણીતું, પૈકી પ્લોટ નં. ૩૫/બી, ક્ષેત્રફળ ૭૧ સ્કે.મી. એટલે કે ૭૫૧ સ્કે. ફીટ, બાંધકામનું ક્ષેત્રફળ ૩૭.૧૭ સ્કે.મી. એટલે કે ૪૦૦ સ્કે. ફીટ, રજીસ્ટ્રેશન સબ જીલ્લો - વડોદરા અને જીલ્લો - વડોદરા, બિલ્ડીંગના બાંધકામ સાથે. **ચતુઃસીમા : પૂર્વે :** રોડ, **પશ્ચિમે :** પ્લોટ નં. ૧૪/બી, **ઉત્તરે :** પ્લોટ નં. ૩૯/બી, **દક્ષિણે :** પ્લોટ નં. ૩૪/બી.

અનામત કિંમત	ઈએમડી (અનામત કિંમતના ૧૦%)	ન્યૂનતમ બીડ વધારવાની રકમ
₹ 29,16,000/-	₹ 2,91,600/-	₹ 25,000/-

ઈ-હરાજી પ્રક્રિયા માટે, કૃપા કરીને મે. મકલોથ, શ્રી ટી જયા પ્રકાશ રેડ્ડી - ૮૧૪૨૦૦૦૦૯૪